**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, અમદાવાદ સમક્ષ**

**આર/લેટર્સ પેટન્ટ અપીલ નં. ૧૦૫૯/૨૦૧૮**

**ઈન**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૬૯૪/૨૦૧૮**

**સાથે**

**સિવિલ એપ્લિકેશન નં. ૧/૨૦૧૮**

**સાથે**

**સિવિલ એપ્લિકેશન નં. ૨/૨૦૧૮**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય મુખ્ય ન્યાયમૂર્તી આર. સુભાષ રેડ્ડી**

અને

**માનનીય ન્યાયમૂર્તી વિપુલ એમ. પંચોલી**

================================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | હા |
| ૨ | રિપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું માનનીય ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઇ હુકમના અર્થઘટન અંગેનો કાયદાનો કોઇ મહત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે? | હા |

================================================================

આઇ.એમ.સી. લિમિટેડ

વિરુદ્ધ

બોર્ડ ટફ ટ્રસ્ટીસ ઓફ દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ

================================================================

## ઉપસ્થિતિ

અપીલકર્તા વતી શ્રી એસ.એન. સોપારકર, સિનિયર એડવોકેટ સાથે શ્રી ધવલ શાહ (૨૩૫૪), સુશ્રી સોનાલી માથુર, શ્રી રિશિર દૌલત, શ્રી અસદુલ્લા થંગલ અને શ્રી મોહનિષ પાટકોર, એડવોકેટસ

સામાવાળા(ઓ) નં. ૧ વતી વતી શ્રી મિહિર ઠાકોર, સિનિયર એડવોકેટ, શ્રી પ્રકાશ જાની, સિનિયર એડવોકેટ સાથે શ્રી ધવલ ડી. વ્યાસ (૩૨૨૫)

સામાવાળા(ઓ) નં. ૨ વતી સુશ્રી ગાર્ગી આર. વ્યાસ (૭૯૮૩)

================================================================

કોરમ: **માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ આર. સુભાષ રેડ્ડી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ વિપુલ આર. પંચોલી**

**તારીખ: ૨૮/૦૯/૨૦૧૮**

**કોમન સી.એ.વી. જજમેન્ટ**
**(માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ આર. સુભાષ રેડ્ડી દ્વારા)**

૧. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૬૯૪/૨૦૧૮ માં મૂળ અરજદાર દ્વારા વિદ્વાન સિંગલ જજના તારીખ ૨૪.૦૭.૨૦૧૮ ના ચુકાદાથી નારાજ થઈને લેટર્સ પેટન્ટની કલોઝ ૧૫ હેઠળ આ લેટર્સ પેટન્ટ અપીલ દાખલ કરવામાં આવેલ છે. સદર અરજી નીચે મુજબની અરજ સાથે દાખલ કરવામાં આવેલ હતી:

> "એ) આ નામદાર કોર્ટ રીટ ઓફ સર્ટિઓરારી / સર્ટિઓરારી પ્રકારની રીટ અને/અથવા અન્ય કોઈ યોગ્ય રીટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવાની મહેરબાની કરશે જે તારીખ ૧૪ માર્ચ, ૨૦૧૮ ના વાદગ્રસ્ત હુકમ (તારીખ ૨૬ માર્ચ, ૨૦૧૮ ના રોજ નોંધવામાં આવેલ કારણો સાથે) સંબંધિત રેકર્ડ અને કાર્યવાહી મંગાવે અને તેને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવાની મહેરબાની કરશે;
>
> બી) આ અરજીની સુનાવણી અને અંતિમ નિકાલ પડતર હોય ત્યાં સુધી, આ નામદાર કોર્ટ અરજદાર પૂરતી નામદાર આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહી પર સ્ટે આપવાની મહેરબાની કરશે;
>
> સી) આ અરજીની સુનાવણી અને અંતિમ નિકાલ પડતર હોય ત્યાં સુધી, આ નામદાર કોર્ટ તારીખ ૧૪ માર્ચ, ૨૦૧૮ ના વાદગ્રસ્ત હુકમ (તારીખ ૨૬ માર્ચ, ૨૦૧૮ ના રોજ નોંધવામાં આવેલ કારણો સાથે) ની અસર, અમલીકરણ અને કામગીરી પર સ્ટે આપવાની મહેરબાની કરશે;
>
> ડી) ઉપરોક્ત અરજ કલોઝ (બી) અને (સી) મુજબ વચગાળાની રાહતો માટે....."

૨. આ અપીલ દાખલ કરવા સંબંધિત કેસની હકીકતની રૂપરેખા ટૂંકમાં નીચે મુજબ છે:

૨.૧ ૧લા સામાવાળા કંડલા પોર્ટ ટ્રસ્ટ (જેનું નામ બદલીને દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ રાખવામાં આવ્યું છે – જે હવે પછી "ડી.પી.ટી." તરીકે ઉલ્લેખિત છે) મેજર પોર્ટ ટ્રસ્ટ્સ એક્ટ, ૧૯૬૩ ની કલમ ૩એ હેઠળ રચાયેલ મેજર પોર્ટ છે. તારીખ ૦૮.૧૨.૨૦૦૫ ના ઠરાવ અન્વયે, ૧લા સામાવાળા ટ્રસ્ટે બિલ્ડ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર ("બી.ઓ.ટી." ધોરણે) ખાનગી ભાગીદારી દ્વારા બર્થ નં. ૧૩ થી ૧૬ વિકસાવવાનો નિર્ણય લીધો છે. ઠરાવ પર કાર્યવાહી કરતા, પસંદગી માટેની બે તબક્કાની પ્રક્રિયામાં સંબંધિત બર્થ માટે સંભવિત પક્ષકારો પાસેથી બિડ આમંત્રિત કરતી ટેન્ડર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. રિકવેસ્ટ ફોર ક્વોલિફિકેશનમાં સંભવિત બિડરને સદર પ્રોજેક્ટ માટેની પ્રક્રિયામાં ભાગ લેવા સક્ષમ બનાવવા માટે લાયકાતના માપદંડો પૂરા પાડવામાં આવ્યા હતા, જ્યારે કન્સેશન આપવાનું મૂલ્યાંકન સંભવિત બિડર્સની નાણાકીય બિડ પર કરવાનું હતું. સંભવિત બિડર્સ બિડ મૂકતા પહેલાં સુવિધાઓ અને પ્રોજેક્ટની શક્યતાનું મૂલ્યાંકન કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી.

૨.૨ ટેન્ડર આમંત્રિત કરતી નોટિસના અનુસંધાને, અપીલકર્તા મેસર્સ આઇ.એમ.સી. લિમિટેડે બર્થ નં. ૧૫ ના લાયસન્સ માટે પોતાની બિડ સબમિટ કરી. અપીલકર્તા કંપનીની બિડ સ્વીકારવામાં આવી હતી અને તારીખ ૦૭.૧૨.૨૦૧૦ ના રોજ મેસર્સ આઇ.એમ.સી. લિમિટેડને એવોર્ડ ઓફ કન્સેશન

માટેનો લેટર ઓફ ઈન્ટેન્ટ જારી કરવામાં આવ્યો હતો. તારીખ ૨૭.૦૧.૨૦૧૧ ના પત્રવ્યવહાર દ્વારા, અપીલકર્તા કંપનીને ૧લા સામાવાળા ડી.પી.ટી. દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તેને સ્પેશિયલ પર્પઝ વ્હીકલ ("એસ.પી.વી.") બનાવવાની જરૂર છે.

૨.૩ અપીલકર્તા – આઈ.એમ.સી.એ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (એસ.પી.વી.) એટલે કે અત્રેના ૨જા સામાવાળા જે.આર.ઈ. ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ (જે હવે પછી "જે.આર.ઈ." અથવા "એસ.પી.વી." તરીકે ઉલ્લેખિત છે) ની રચના કરી જેણે કન્સેશનિંગ ઓથોરિટી સાથે કન્સેશન એગ્રીમેન્ટ કર્યા છે. કન્સેશન એગ્રીમેન્ટમાં તકરાર નિવારણ વ્યવસ્થાના ભાગરૂપે આર્બિટ્રેશન કલોઝ છે. તકરાર ઉભી થતાં, ૧લા સામાવાળાએ કરારભંગનો આક્ષેપ કરતા આર્બિટ્રેશન કલોઝનો આશ્રય લીધો અને આર્બિટ્રેશન કાર્યવાહી શરૂ કરી. જસ્ટિસ (નિવૃત્ત) આર.સી. લાહોટી, ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ (પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર), જસ્ટિસ (નિવૃત્ત) જે.એમ. પંચાલ અને જસ્ટિસ (નિવૃત્ત) એ.આર. દવે (પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર્સ) ની બનેલી વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી છે.

૨.૪ વ્યાપક રીતે, પ્રથમ સામાવાળા ડી.પી.ટી. / દાવેદાર દ્વારા કરવામાં આવેલા દાવાઓને લાયસન્સ ફીની ચુકવણી ન કરવી, લિક્વિડેટેડ ડેમેજીસની ચુકવણી ન કરવી, સ્વતંત્ર એન્જિનિયરના મહેનતાણાની ચુકવણી ન કરવી, સંમત થયા મુજબ રોયલ્ટીની ચુકવણી ન કરવી, ટેક્સ અને ડ્યુટીની ચુકવણી/

ભરપાઈ ન કરવી, ૧લા સામાવાળાને થયેલ નુકસાન અને ક્ષતિઓ તથા રિપ્લેસમેન્ટ કોસ્ટના આકારણી પેટેના ખર્ચની ચુકવણી ન કરવા માટે વર્ગીકૃત કરી શકાય. ૨જા સામાવાળા – જે.આર.ઈ.એ આર્બિટ્રેશન કાર્યવાહીમાં સ્ટેટમેન્ટ ઓફ ડિફેન્સ દાખલ કર્યું અને કાઉન્ટર ક્લેઈમ પણ રજૂ કર્યો. પ્લીડિંગ્સ પૂર્ણ થવા પર, પુરાવા નોંધતા પહેલાં, ૧લા સામાવાળા ડી.પી.ટી.એ અપીલકર્તા – આઇ.એમ.સી.ને આર્બિટ્રેશન કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડવા માટે એક અરજી કરી. ૨જા સામાવાળાએ ઘણા કારણોસર જોડવા માટેની અરજનો વિરોધ કર્યો. વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે ૧લા સામાવાળા અને ૨જા સામાવાળાની સંબંધિત રજૂઆતો ધ્યાને લઈને અને કરારમાં રહેલ કલોઝ ધ્યાને લઈને, ૧લા સામાવાળાના કેસને પ્રથમદર્શી રીતે સ્વીકારીને, જોડવા માટેની અરજી મંજૂર કરી, અને, પ્રથમ તબક્કે, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે ૧૪.૦૩.૨૦૧૮ ના રોજ, નીચે મુજબનો હુકમ કર્યો છે:

> "૧. કાર્યવાહીમાં આઇ.એમ.સી. લિમિટેડને પક્ષકાર તરીકે જોડવા માટે દાવેદારની તારીખ ૭.૩.૨૦૧૮ ની અરજી પર વિસ્તૃત સુનાવણી કરવામાં આવી છે. પક્ષકારોના વિદ્વાન સિનિયર વકીલને સાંભળ્યા બાદ, ટ્રિબ્યુનલે એવો અભિપ્રાય બાંધ્યો છે કે અરજી મંજૂર કરવા પાત્ર છે. તે મુજબ, અરજી મંજૂર કરવામાં આવે છે. કારણો પછીથી આપવામાં આવશે.
>
> ૨. ઉપર મુજબ જોડવાની મંજૂરી આપવાના પરિણામે, દાવેદાર સ્ટેટમેન્ટ ઓફ ક્લેઈમમાં સુધારો કરવા માટે અરજી કરવા ટ્રિબ્યુનલની રજા માંગે છે. અરજી આજથી એક સપ્તાહમાં દાખલ

કરવામાં આવે. હાલના સામાવાળા તે પછીના એક સપ્તાહમાં જવાબ/ વાંધાઓ દાખલ કરી શકશે.

૩. સુધારા માટેની અરજીની સુનાવણી અને નિર્ણય માટે ટ્રિબ્યુનલ ૧૨.૦૪.૨૦૧૮ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળશે."

ત્યારબાદ, તારીખ ૨૬.૦૩.૨૦૧૮ ના હુકમથી કારણો રેકર્ડ પર મૂકવામાં આવ્યા છે. હુકમના પેરા ૨૨ થી ૨૫ નીચે મુજબ છે:

"(૨૨) હાલ પૂરતું, આઇ.એમ.સી.ને કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડવાનો નિર્દેશ આપતી વખતે, અમે પક્ષકારો દ્વારા કરવામાં આવેલા કથનો અને ફાઇલ કરવામાં આવેલા દસ્તાવેજો પરથી જણાઈ આવતા કેસના ઉપલબ્ધ તથ્યો અને સંજોગો પર ટ્રિબ્યુનલ દ્વારા રચવામાં આવેલા પ્રથમદર્શી અભિપ્રાય પર આગળ વધી રહ્યા છીએ. અમે અન્ય બાબતોની સાથે એ જાણવા મળ્યું છે કે આઇ.એમ.સી.એ બિડિંગ પ્રક્રિયામાં ભાગ લેતી વખતે કેટલીક જવાબદારીઓ વહન કરી હતી અને તે આઇ.એમ.સી. જ છે જેણે ૧૦૦% શેરહોલ્ડિંગ અને પરિણામે હાલના સામાવાળા પર નિયંત્રણ પોતાની પાસે રાખીને સી.એ. માં દાખલ થવાના હેતુસર હાલના સામાવાળાને એસ.પી.વી. તરીકે અસ્તિત્વમાં લાવ્યા હતા. જો ટ્રાયલ પર એવું જાણવા મળે છે કે દાવેદાર અને હાલના સામાવાળા વચ્ચે થયેલા કરાર દ્વારા આઇ.એમ.સી. બંધાયેલ છે તેવું માની શકાય નહીં અથવા તે અન્યથા મુક્ત થવા માટે હકદાર છે, તો આઇ.એમ.સી. નિશ્ચિતપણે હાલની કાર્યવાહીમાં જવાબદાર ઠરશે નહીં. એ કહેવાની જરૂર નથી કે આઇ.એમ.સી.ને પક્ષકાર તરીકે જોડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હોવા છતાં તેને પોતાની તમામ રજૂઆતો ઉઠાવવાની અને પોતાનો બચાવ કરવાની સંપૂર્ણ

છૂટ રહેશે.

(૨૩) અમને સંતોષ છે કે જોડવા માટેની અરજી મંજૂર કરવા પાત્ર છે. દાવેદાર/ અરજદારે જોડવાની મંજૂરી આપવા માટે મજબૂત પ્રથમદર્શી કેસ બનાવ્યો છે. જો પુરાવા નોંધવા પર ટ્રિબ્યુનલને જણાય છે કે હાલના સામાવાળાને આઇ.એમ.સી.નું અલ્ટર ઈગો માનવા માટે જરૂરી શરતો અસ્તિત્વમાં છે તેવું દર્શાવવામાં આવ્યું નથી, અથવા, કોર્પોરેટ વિલને ભેદવાનો કેસ બનતો નથી, તો ટ્રિબ્યુનલ હાલના સામાવાળા દ્વારા ઊભી કરાયેલ જવાબદારીમાંથી જો કોઈ હોય તો આઇ.એમ.સી.ને મુક્ત કરી શકે છે.

(૨૪) ૧૪–૦૩–૨૦૧૮ ના રોજ, પક્ષકારોના વિદ્વાન સિનિયર વકીલોને સાંભળ્યા બાદ, અમે એવો હુકમ કર્યો હતો કે "અરજી મંજૂર કરવામાં આવે છે. કારણો પછીથી આપવામાં આવશે."

(૨૫) અત્રે કારણો રેકર્ડ પર મૂકવામાં આવે છે."

૨.૫ વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરાયેલ સમયમર્યાદામાં, સ્ટેટમેન્ટ ઓફ ક્લેઇમમાં સુધારા માટે એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેને પણ ટ્રિબ્યુનલ દ્વારા તારીખ ૧૨.૦૪.૨૦૧૮ ના હુકમથી મંજૂર કરવામાં આવી હતી.

૨.૬ રિકવેસ્ટ ફોર ક્વોલિફિકેશન ("આર.એફ.ક્યુ.") અને રિકવેસ્ટ ફોર પ્રપોઝલ ("આર.એફ.પી.") નો પ્રતિસાદ આપનાર અપીલકર્તા કંપનીએ અન્ય બાબતોની સાથે એવી અરજ સાથે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ હેઠળ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી છે કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા વિવિધ કારણોસર પસાર કરાયેલ તારીખ ૧૪.૦૩.૨૦૧૮ ના

હુકમને (૨૬.૦૩.૨૦૧૮ ના રોજ નોંધાયેલ કારણો સાથે) કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવા માટે યોગ્ય રીટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવામાં આવે.

૨.૭ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનમાં, અત્રેના અપીલકર્તાનો મુખ્યત્વે કેસ એવો હતો કે વાદગ્રસ્ત હુકમ વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા કોઈપણ અગાઉની નોટિસ અને તક આપ્યા વિના પસાર કરવામાં આવ્યો હતો અને તેથી, તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનમાં પસાર કરવામાં આવ્યો હતો. અપીલકર્તાનો એવો પણ કેસ હતો કે અપીલકર્તા – કંપની અને ૧લા સામાવાળા – ડી.પી.ટી. વચ્ચે કોઈ આર્બિટ્રેશન એગ્રીમેન્ટ ન હતો અને આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિએશન એક્ટ, ૧૯૯૬ (જે હવે પછી ટૂંકમાં "આર્બિટ્રેશન એક્ટ" તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૨૧ હેઠળ કોઈ નોટિસ જારી કરવામાં આવી ન હતી. વધુમાં, અપીલકર્તાનો એવો પણ કેસ હતો કે ૧લા સામાવાળા ડી.પી.ટી. ની એવી રજૂઆત કે અપીલકર્તા એ સામાવાળા નં. ૨ નું અલ્ટર ઈગો છે તેને ધ્યાને લેવામાં આવી હતી અને સ્વીકારવામાં આવી હતી અને પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કોઈપણ આધાર વગર કરવામાં આવ્યો હતો. અપીલકર્તાનો એવો પણ કેસ હતો કે કોર્પોરેટ વિલ ઉઠાવવા માટેનો કોઈ કેસ બનતો નથી અને બિડને લગતા તમામ દસ્તાવેજો, એટલે કે આર.એફ.ક્યુ. અને આર.એફ.પી. કરારની પૂર્વભૂમિકા સમાન છે અને વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે આવા દસ્તાવેજો જોઈને અને આર્બિટ્રલ કાર્યવાહીમાં અપીલકર્તાને પક્ષકાર સામાવાળા તરીકે જોડવાનો હુકમ કરીને ભૂલ કરી છે. તે રીતે, અપીલકર્તાનો કેસ એવો હતો કે અરજીમાં

પડકારવામાં આવેલ હુકમ ભૂલભરેલો છે અને ગંભીર ખામીઓથી પીડાય છે, જેના પરિણામે અપીલકર્તાને ન પૂરી શકાય તેવું નુકસાન અને હાનિ પહોંચી છે, તેથી, તેને રીટ પિટિશન મારફતે પડકારવા સિવાય બીજો કોઈ વૈકલ્પિક ઉપાય નથી.

૨.૮ વિદ્વાન સિંગલ જજ દ્વારા એડમિશનના તબક્કે ઉપરોક્ત અરજીને સુનાવણી માટે હાથ પર લેવામાં આવી હતી અને ૧લા સામાવાળા – ડી.પી.ટી.એ આ બાબતનો વિરોધ કર્યો છે. અરજીમાં માંગવામાં આવેલી રાહતનો વિરોધ કરવા માટેના બચાવમાં, ૧લા સામાવાળાનો કેસ એવો હતો કે આર.એફ.ક્યુ.ની શરતો મુજબ, અપીલકર્તા કંપની બિડમાં ભાગ લેવા માટે લાયક અરજદાર હતી, તેથી, તેને આર.એફ.પી. જારી કરવામાં આવી હતી અને ૧લા સામાવાળા દ્વારા અપીલકર્તા – આઇ.એમ.સી.ને ૧૫મા મલ્ટિ પર્પઝ કાર્ગો બર્થના વિકાસ માટેનો લેટર ઓફ એવોર્ડ જારી કરવામાં આવ્યો હતો, જેનો આઇ.એમ.સી. દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. ૧લા સામાવાળાનો એવો પણ કેસ હતો કે ૨જા સામાવાળા – જે.આર.ઇ. એ એક સ્પેશિયલ પર્પઝ વ્હીકલ છે જે બિડના નિયમો અને શરતો મુજબ સામેલ કરવામાં આવ્યું છે અને જો કન્સેશન એગ્રીમેન્ટના તમામ નિયમો અને શરતોને આર.એફ.ક્યુ. અને આર.એફ.પી. ના નિયમો અને શરતો સાથે જોડીને ધ્યાને લેવામાં આવે, તો તે સ્પષ્ટ થાય છે કે અપીલકર્તા ૨જી સામાવાળા કંપનીનું અલ્ટર ઈગો છે. આ અરજીનો એવા કારણોસર પણ બચાવ કરવામાં આવ્યો હતો કે સ્પેશિયલ સિવિલ

એપ્લિકેશન પોતે જ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ મેન્ટેનેબલ નથી કારણ કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલની રચના એગ્રીમેન્ટની શરતો અનુસાર કરવામાં આવી છે, તેથી, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા બજાવવામાં આવતા કોઈ જાહેર કાર્યોની ગેરહાજરીમાં, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ સામે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અથવા ૨૨૭ હેઠળ કોઈ અરજી ચાલી શકે નહીં.

૨.૯ પક્ષકારો વતી કરવામાં આવેલી વિરોધી રજૂઆતો અને રેકર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીને ધ્યાને લેતાં, વિદ્વાન સિંગલ જજે એવું ઠરાવ્યું છે કે અપીલકર્તા એ પ્રાથમિક બિડર છે જેણે પ્રોજેક્ટ હાથ ધર્યો છે અને જેને કરાર આપવામાં આવ્યો છે અને ત્યારબાદ ૨જા સામાવાળા – જે.આર.ઈ. ને સ્પેશિયલ પર્પઝ વ્હીકલ તરીકે બનાવવામાં આવ્યું છે અને અપીલકર્તા એ વાસ્તવમાં ૨જા સામાવાળાનું અલ્ટર ઈગો છે. આગળ એવું ઠરાવવામાં આવ્યું છે કે કોર્પોરેટ વિલ ઉઠાવી શકાય કે કેમ તે આર્બિટ્રિશન એક્ટના અંતર્ગત ઉદ્દેશ્ય અને હેતુને ધ્યાનમાં રાખીને ટ્રિબ્યુનલ દ્વારા ધ્યાને લેવામાં આવવું જોઈએ. વિદ્વાન સિંગલ જજે એવું પણ ઠરાવ્યું છે કે ભલે કન્સેશન એગ્રીમેન્ટ પર અપીલકર્તા દ્વારા સહી કરવામાં ન આવી હોય, તેમ છતાં અરજદારને પક્ષકાર તરીકે જોડવાને લગતી બાબતમાં કોઈ ફેરફાર થશે નહીં અને માત્ર કરારમાં સહી કરનાર ન હોવાના કારણે તે પોતાની જાતને ત્રાહિત પક્ષ તરીકે રજૂ કરી શકે નહીં. ક્લોરો કંટ્રોલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ સેવર્ન ટ્રેન્ટ વોટર પ્યુરિફિકેશન ઈન્ક. અને અન્યના (૨૦૧૩)૧

એસ.સી.સી. ૬૪૧ માં રિપોર્ટ થયેલા કેસમાં અને એ. અય્યાસામી વિરુદ્ધ એ. પરમશિવમ અને અન્યના (૨૦૧૬)૧૦ એસ.સી.સી. ૩૮૬ માં રિપોર્ટ થયેલા કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ પર આધાર રાખીને, વિદ્વાન સિંગલ જજે એવું ઠરાવ્યું છે કે એગ્રીમેન્ટમાં 'પાર્ટી' શબ્દને વ્યાપક ખ્યાલમાં અથવા કોર્પોરેટ વિલને ઉઠાવવાને સમજીને ધ્યાને લેવાનો છે. વધુમાં, વિદ્વાન સિંગલ જજે એવું ઠરાવતા કે આર્બિટ્રેશન એક્ટ તકરાર નિવારવા માટેનું માળખું પ્રદાન કરવા ઘડવામાં આવ્યો છે અને હેતુને નિષ્ફળ બનાવતું કોઈ સંકુચિત અથવા પ્રતિબંધિત અર્થઘટન સ્વીકારી શકાય નહીં, અપીલકર્તાની રજૂઆતને નામંજૂર કરી છે. તે જ સમયે, વિદ્વાન સિંગલ જજે એવું ઠરાવ્યું છે કે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ હેઠળની અરજી વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલ હુકમો સામે મેન્ટેનેબલ છે. અપીલકર્તાની એ રજૂઆતને નકારીને કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલો હુકમ કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે અને આર્બિટ્રેશન એક્ટની કલમ ૨૧ હેઠળની જોગવાઈ મુજબ નોટિસ જારી કર્યા વિનાનો છે, વિદ્વાન સિંગલ જજે અરજી કાઢી નાખી છે. જોકે, વિદ્વાન સિંગલ જજે એવું અવલોકન કર્યું છે કે કરવામાં આવેલા અવલોકનો માત્ર અરજીનો પ્રથમદર્શી રીતે નિર્ણય લેવાના હેતુ માટે જ છે અને વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા ધ્યાનમાં લેવા માટે તમામ રજૂઆતો ખુલ્લી રાખવામાં આવે છે.

૩. અમે અપીલકર્તા માટે વિદ્વાન સિનિયર વકીલ શ્રી એસ.એન. સોપરકર સાથે વિદ્વાન વકીલ શ્રી ધવલ શાહ, ૧લા સામાવાળા માટે વિદ્વાન સિનિયર વકીલ શ્રી મિહિર ઠાકોર સાથે વિદ્વાન વકીલ શ્રી ધવલ ડી. વ્યાસ અને ૨જા સામાવાળા માટે વિદ્વાન વકીલ સુશ્રી ગાર્ગી વ્યાસને સાંભળ્યા છે.

૪. અપીલકર્તા માટે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી એસ.એન. સોપરકરે અમારી સમક્ષ વિગતવાર રજૂઆતો કરી છે. મુખ્યત્વે, એવું રજૂ કરવામાં આવ્યું છે કે અપીલકર્તા એ કન્સેશન એગ્રીમેન્ટનો કોઈ રીતે પક્ષકાર નથી જે કરારની શરતોનું સંચાલન કરે છે. એવી દલીલ કરવામાં આવી છે કે એકવાર કન્સેશન એગ્રીમેન્ટ થઈ જાય, ત્યારબાદ આર.એફ.ક્યુ., આર.એફ.પી. અથવા બિડના આમંત્રણને લગતા અન્ય કોઈ દસ્તાવેજને જોવાનો અવકાશ રહેતો નથી. ફક્ત કન્સેશન એગ્રીમેન્ટના નિયમો અને શરતોને જ ધ્યાને લેવાના રહે છે. વિદ્વાન સિનિયર વકીલ દ્વારા સ્પષ્ટપણે એવી રજૂઆત કરવામાં આવી છે કે આવો કન્સેશન એગ્રીમેન્ટ પ્રોજેક્ટના સંદર્ભમાં કરારના પક્ષકારો વચ્ચેની સંપૂર્ણ સમજૂતી રચે છે અને પ્રોજેક્ટના સંદર્ભમાં તમામ અગાઉની લેખિત અને/અથવા મૌખિક રજૂઆતો અને વ્યવસ્થાઓનું સ્થાન લે છે. વધુમાં એવું રજૂ કરવામાં આવ્યું છે કે ઉપર મુજબના એગ્રીમેન્ટની શરતો અને અન્ય આવા બિડ દસ્તાવેજો વચ્ચે કોઈપણ વિરોધાભાસના કિસ્સામાં, એગ્રીમેન્ટની શરતો માન્ય રહેશે. કરારના વિવિધ કલોઝનો સંદર્ભ આપીને, વિદ્વાન સિનિયર વકીલનો એવો કેસ છે કે અપીલકર્તા કન્સેશન એગ્રીમેન્ટમાં સહી કરનાર ન હોવાથી, તેને

આર્બિટ્રેશન કાર્યવાહીમાં ખેંચી શકાય નહીં. એવું રજૂ કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી આર્બિટ્રેશન એક્ટની કલમ ૨૧ હેઠળ જરૂરી નોટિસ ન હોય ત્યાં સુધી, અપીલકર્તા સામે કોઈ આર્બિટ્રેશન થઈ શકે નહીં. કોઈ પણ સંજોગોમાં, એવું રજૂ કરવામાં આવ્યું છે કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે અપીલકર્તાને નોટિસ આપ્યા વિના પક્ષકાર તરીકે જોડવા માટેની અરજી મંજૂર કરવી જોઈતી ન હતી અને અરજીમાં જે હુકમને પડકારવામાં આવ્યો છે તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનમાં પસાર કરવામાં આવ્યો છે. અપીલકર્તા અને ૧લા સામાવાળા – ડી.પી.ટી. વચ્ચે આર્બિટ્રેશન ધરાવતા કોઈપણ કરારની ગેરહાજરીમાં, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે પક્ષકાર તરીકે જોડવા માટેની અરજી મંજૂર કરવામાં ભૂલ કરી છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે જે કેસોમાં કરારમાં દાખલ થયા પછી પણ આર્બિટ્રેટરની નિમણૂક માટે તકરાર હોય, ત્યાં આર્બિટ્રેશન એક્ટની કલમ ૧૧ હેઠળ અરજી દાખલ કરવાની જરૂર હોય છે. હાલના કેસમાં, આર્બિટ્રેશન એક્ટની કલમ ૧૧ અને ૨૧ ની જોગવાઈઓનો આશ્રય લીધા વિના, સીધા જ, અપીલકર્તાને આર્બિટ્રેશન કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. વધુમાં એવું રજૂ કરવામાં આવ્યું છે કે જોકે અપીલકર્તા કંપનીએ બિડ સબમિટ કરીને આર.એફ.ક્યુ. અને આર.એફ.પી. નો પ્રતિસાદ આપ્યો છે, એકવાર આર.એફ.પી. ની શરતો મુજબ એક અલગ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ અસ્તિત્વમાં લાવવામાં આવે અને કરાર કરવામાં આવે, તે પછી વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ માટે કોર્પોરેટ વિલને ઉઠાવીને મુદ્દાને જોવાનો અવકાશ રહેતો નથી. એવું રજૂ

કરવામાં આવ્યું છે કે કોઈ પણ સંજોગોમાં, કોર્પોરેટ વિલને ઉઠાવવા માટેનો કોઈ કેસ બનતો નથી. એવું રજૂ કરવામાં આવ્યું છે કે કરારની પૂર્વભૂમિકાને કરારની સાથે જ ગૂંચવવી જોઈએ નહીં. એવું રજૂ કરવામાં આવ્યું છે કે કન્સેશન એગ્રીમેન્ટ પહેલાંના દસ્તાવેજોને જોવાથી રોકતી કન્સેશન એગ્રીમેન્ટમાં રહેલી ચોક્કસ શરતોને ધ્યાનમાં રાખીને, ૧લા સામાવાળા આવા દસ્તાવેજો પર આધાર રાખીને અપીલકર્તાને સામાવાળા પક્ષકાર તરીકે જોડવાની માંગ કરી શકે નહીં. એવું રજૂ કરવામાં આવ્યું છે કે વિદ્વાન સિંગલ જજ સમક્ષ આવા કારણો ઉભા કરવામાં આવ્યા હોવા છતાં, વિદ્વાન સિંગલ જજે આવી રજૂઆતોને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ધ્યાને લીધી નથી અને અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને નકારી કાઢવામાં ભૂલ કરી છે. તેમની દલીલોના સમર્થનમાં, વિદ્વાન સિનિયર વકીલે કેટલાક ચુકાદાઓ પર આધાર રાખ્યો છે. જોકે, અમે યોગ્ય તબક્કે આવા ચુકાદાઓનો સંદર્ભ આપીશું.

૫. તેનાથી વિપરીત, ૧લા સામાવાળા – ડી.પી.ટી. માટે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી મિહિર ઠાકોરે અમને આર.એફ.ક્યુ., આર.એફ.પી. અને કન્સેશન એગ્રીમેન્ટના દસ્તાવેજોમાં વિવિધ કલોઝ તરફ દોરીને એવું રજૂ કર્યું છે કે આર.એફ.ક્યુ. ના પ્રતિભાવમાં, માત્ર અપીલકર્તા કંપનીએ પ્રતિસાદ આપ્યો છે અને વધુમાં, આર.એફ.ક્યુ. માં જાહેર કરાયેલ યોગ્યતાના માપદંડો અને અત્રેના અપીલકર્તા દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી જોતા, ૧લા સામાવાળાને જણાયું છે કે અપીલકર્તા આર.એફ.પી. જારી કરવા અને બિડ આમંત્રિત કરવા

માટે લાયક છે. ત્યારબાદ, અપીલકર્તા દ્વારા જરૂરી ફી ચૂકવવા પર, આર.એફ.પી. દસ્તાવેજ પૂરો પાડવામાં આવ્યો હતો અને એકલા અપીલકર્તાએ જ ટેન્ડર નોટિસના પ્રતિભાવમાં પોતાની બિડ રજૂ કરી છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે આર.એફ.ક્યુ. અથવા આર.એફ.પી. ના તબક્કે ૨જી સામાવાળા કંપની અસ્તિત્વમાં ન હતી અને માત્ર પ્રોજેક્ટના અમલીકરણ માટે આર.એફ.પી. ની શરતો મુજબ અસ્તિત્વમાં લાવવામાં આવી હતી. એવું રજૂ કરવામાં આવ્યું છે કે અપીલકર્તા સામાવાળા નં. ૨ કંપનીના અલ્ટર ઈગો સિવાય બીજું કંઈ નથી અને જો આર.એફ.ક્યુ. અને આર.એફ.પી. ના નિયમો અને શરતોના સંદર્ભ સાથે એગ્રીમેન્ટમાં વિવિધ કલોઝને ધ્યાને લેવામાં આવે, તો તે સ્પષ્ટ થાય છે કે અપીલકર્તા એ મુખ્ય કંપની છે જે ૨જા સામાવાળા મારફતે પ્રોજેક્ટ અમલમાં મૂકી રહી છે. વધુમાં, એવું રજૂ કરવામાં આવ્યું છે કે અપીલકર્તા ૨જી સામાવાળા કંપનીના ૧૦૦% શેર ધરાવે છે અને કન્સેશન એગ્રીમેન્ટમાં ઉલ્લેખ કર્યા મુજબ કરારની શરતો અનુસાર ૨જી સામાવાળા કંપનીનું સંપૂર્ણ નિયંત્રણ અને સંચાલન કરે છે. તે બાબતને ધ્યાનમાં રાખીને, અપીલકર્તા કંપની માટે એવું રજૂ કરવાનો કોઈ અવકાશ રહેતો નથી કે તે ત્રાહિત પક્ષ છે અને તેણે કોઈપણ આર્બિટ્રેશન માટે સંમતિ આપી નથી. એવું રજૂ કરવામાં આવ્યું છે કે જો કન્સેશન એગ્રીમેન્ટની શરતોને ધ્યાને લેવામાં આવે, તો તે સ્પષ્ટ થાય છે કે અપીલકર્તા ૨જા સામાવાળા પાછળની વાસ્તવિક એન્ટિટી છે, તેથી, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ કરવામાં આવેલા દાવા સામે કાર્યવાહી કરવા માટે તે જરૂરી અને યોગ્ય

પક્ષકાર છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે કોઈ પણ સંજોગોમાં, વિદ્ધાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે પોતે, પક્ષકાર તરીકે જોડવા માટેની અરજીને મંજૂરી આપતી વખતે એવું અવલોકન કર્યું છે કે આવું જોડાણ તેના દ્ધારા રચાયેલા પ્રથમદર્શી અભિપ્રાય પર હુકમ કરવામાં આવ્યું છે અને અપીલકર્તા આઇ.એમ.સી. માટે કાયદા હેઠળ ઉપલબ્ધ પોતાની તમામ રજૂઆતો ટ્રિબ્યુનલ સમક્ષ ઉઠાવવા માટે ખુલ્લી છે.

૬. બંને પક્ષના વિદ્ધાન સિનિયર વકીલોને સાંભળ્યા બાદ, અમે રેકર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીનું અવલોકન કર્યું છે.

૭. જોકે વિદ્ધાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલના હુકમો સામે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ હેઠળ અરજી મેન્ટેનેબલ નથી તેવી રજૂઆત કરીને અરજીની મેન્ટેનેબિલિટીનો પ્રશ્ન જ વિદ્ધાન સિંગલ જજ સમક્ષ ઉઠાવવામાં આવ્યો છે, આવા વાંધાને સ્વીકારવામાં આવ્યો નથી અને વિદ્ધાન સિંગલ જજ ગુણદોષ પર મેટરનો નિર્ણય કરવા આગળ વધ્યા છે અને વિદ્ધાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલના હુકમમાં દખલગીરી કરી નથી. અમારી સમક્ષ પણ, અરજીની મેન્ટેનેબિલિટી અંગેના મુદ્દા પર બંને પક્ષના વિદ્ધાન વકીલો દ્ધારા ગંભીરતાથી દલીલ કરવામાં આવી છે, પરંતુ આ બાબતને વિસ્તૃત રીતે ધ્યાને લીધા પછી, અમે તેમને ગુણદોષ પર સાંભળ્યા છે અને અમે અપીલકર્તાના કેસને ગુણદોષ પર સ્વીકારવા સહમત નથી, તેથી, અમારો એવો મત છે કે ૧લા સામાવાળા વતી

ઉઠાવવામાં આવેલ મેન્ટેનેબિલિટીના વાંધા અંગેના મુદ્દાને ધ્યાને લેવાની અને તેના પર તારણો નોંધવાની કોઈ જરૂર નથી.

૮. શરૂઆતમાં, અપીલકર્તા માટે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી એસ.એન. સોપરકરે એવું રજૂ કર્યું છે કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલો હુકમ કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનમાં છે, આ એકલા કારણસર જ તે રદ કરવા યોગ્ય છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે જોકે અપીલકર્તા કન્સેશન એગ્રીમેન્ટનો પક્ષકાર નથી અને વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ અત્રેના અપીલકર્તા સામે પ્રથમ તબક્કે કોઈ દાવો કરવામાં આવ્યો નથી, તેમ છતાં અપીલકર્તાને એ કારણસર પક્ષકાર તરીકે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે તે ૨જા સામાવાળાનું અલ્ટર ઇગો છે. એવી દલીલ કરવામાં આવી છે કે આવા મુદ્દાનો નિર્ણય લેતા પહેલાં અને અપીલકર્તાને સામાવાળા પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરતા પહેલાં, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે નોટિસ જારી કરવી જોઈતી હતી.

૯. અપીલકર્તા માટે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી એસ.એન. સોપરકર દ્વારા અમારા ધ્યાને લાવવામાં આવ્યું છે કે જ્યારે અપીલકર્તાએ ક્લેઇમ પિટિશનના સુધારાના તબક્કે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૩૭૦/૨૦૦૮ માં પસાર કરાયેલા આ કોર્ટના વિદ્વાન સિંગલ જજના તારીખ ૧૩.૦૮.૨૦૦૮ ના ચુકાદા પર આધાર રાખ્યો હતો, ત્યારે તે રજૂઆતને એવા કારણોસર નકારી કાઢવામાં આવી હતી કે પક્ષકાર તરીકે જોડવાની અરજીનો

નિર્ણય લેતા પહેલાં સદર ચુકાદો વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલના ધ્યાને લાવવામાં આવ્યો ન હતો.

૧૦. બીજી તરફ, ૧લા સામાવાળા માટે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી મિહિર ઠાકોરે એવી દલીલ કરી છે કે પક્ષકાર તરીકે જોડવા માટેની અરજી મંજૂર કરવાથી અપીલકર્તાને એવું કોઈ નુકસાન પહોંચતું નથી જેથી માત્ર એ કારણસર આવા હુકમને રદ કરવાની માંગ કરી શકાય કે હુકમ પસાર કરતા પહેલાં તેને કોઈ નોટિસ જારી કરવામાં આવી ન હતી. વધુમાં એવું રજૂ કરવામાં આવ્યું છે કે અપીલકર્તા – કંપની ૨જા સામાવાળા સ્પેશિયલ પર્પઝ વ્હીકલમાં ૧૦૦% શેર ધરાવે છે અને સદર કંપનીએ વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ અરજીનો વિરોધ કર્યો છે. આગળ અમારા ધ્યાને લાવવામાં આવ્યું છે કે પક્ષકાર તરીકે જોડવાનો હુકમ પસાર કરવાથી અપીલકર્તાને નુકસાન પહોંચ્યું છે તેવું દર્શાવ્યા વિના, આવા હુકમ પર માત્ર એ કારણસર પ્રશ્ન ઉઠાવવાનો અવકાશ રહેતો નથી કે, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે નોટિસ જારી કર્યા વિના હુકમ પસાર કર્યો છે.

૧૧. આર્બિટ્રલ ટ્રિબ્યુનલે પોતે, પક્ષકાર તરીકે જોડવાનો હુકમ પસાર કરતી વખતે અવલોકન કર્યું છે કે વ્યક્ત કરવામાં આવેલો અભિપ્રાય પ્રથમદર્શી છે. નોંધનીય છે કે આર્બિટ્રેશન કાર્યવાહી આર્બિટ્રેશન એક્ટની કલમ ૨૯એ હેઠળ આવરી લેવામાં આવી છે અને નક્કી કરેલી સમયમર્યાદામાં એવોર્ડ પસાર કરવાનો હોય છે. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૩૭૦/૨૦૦૮ માં પસાર કરાયેલા તારીખ ૧૩.૦૮.૨૦૦૮ ના ચુકાદામાં જેના પર અપીલકર્તાના વિદ્વાન

સિનિયર વકીલ દ્વારા આધાર રાખવામાં આવ્યો છે, તેમાં આ કોર્ટના વિદ્વાન સિંગલ જજે એવું ઠરાવ્યું છે કે પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરતા પહેલાં, સૂચિત પ્રતિવાદીને નોટિસ જારી કરવી જરૂરી છે. એવી કોઈ ચોક્કસ દરખાસ્ત હોઈ શકે નહીં કે દરેક સમયે અને દરેક કેસમાં, પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરતા પહેલાં નોટિસ જારી કરવી જરૂરી છે. જો પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરવાથી જ કોઈ નુકસાન પહોંચશે નહીં, તો તેવા કિસ્સામાં, એવું કહી શકાય નહીં કે માત્ર નોટિસ વિના પક્ષકાર તરીકે જોડવાનો હુકમ પસાર કરવામાં આવ્યો છે એટલે, તે પોતે જ આવા હુકમને રદ કરવાનું કારણ બની શકે છે. વાસ્તવિક કસોટી જે જોવાની જરૂર છે તે એ છે કે જે પક્ષકારે એવી ફરિયાદ કરી છે કે તેને નોટિસ વિના પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેને કોઈ નુકસાન પહોંચ્યું છે કે કેમ?

૧૨. એમ.સી. મહેતા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યના (૧૯૯૯)૬ એસ.સી.સી. ૨૩૭ માં રિપોર્ટ થયેલા કેસના ચુકાદામાં, નામદાર સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું છે કે, કોર્ટ માટે હંમેશા કોઈ હુકમને માત્ર એ કારણસર ફગાવી દેવો જરૂરી નથી કે હુકમ એવા પક્ષકાર સામે પસાર કરવામાં આવ્યો છે જેણે ફરિયાદ કરી છે કે તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનમાં પસાર કરવામાં આવ્યો છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને અન્ય વિરુદ્ધ મન્સૂર અલી ખાનના (૨૦૦૦)૭ એસ.સી.સી. ૫૨૯ માં રિપોર્ટ થયેલા કેસમાં પણ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સમાન મત લેવામાં આવ્યો છે. વધુમાં, એસ્કોર્ટ્સ ફાર્મ્સ લિમિટેડ

વિરુદ્ધ કમિશનર, કુમાઉં ડિવિઝન, નૈનીતાલ, યુ.પી. અને અન્યના (૨૦૦૦)૪ એસ.સી.સી. ૨૮૪ માં રિપોર્ટ થયેલા કેસના ચુકાદામાં, નામદાર સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું છે કે કુદરતી ન્યાયના નિયમોનું પાલન નોંધપાત્ર ન્યાય કરવા માટે કરવાનું છે અને માત્ર સુનાવણીની ઔપચારિકતા પૂર્ણ કરવા માટે નહીં.

૧૩. હાથ પરના કેસની હકીકતો પર પાછા ફરીએ, તો એ નોંધવું જોઈએ કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલો હુકમ સ્પષ્ટપણે એવું નોંધે છે કે વ્યક્ત કરવામાં આવેલો અભિપ્રાય પ્રથમદર્શી છે અને પક્ષકાર તરીકે જોડાયેલા સામાવાળા, એટલે કે અત્રેના અપીલકર્તા માટે આર્બિટ્રિશન એક્ટ હેઠળ ઉપલબ્ધ વાંધાઓ અને ઉપાયોને આધીન છે. જો અપીલકર્તા દાવો કરે છે કે તે એગ્રીમેન્ટનો પક્ષકાર નથી, તેથી તેને આર્બિટ્રિશન કાર્યવાહીમાં સામાવાળા પક્ષકાર તરીકે જોડી શકાય નહીં, તો તેના અધિકારક્ષેત્ર પર નિર્ણય મેળવવા માટે આર્બિટ્રિશન એક્ટની કલમ ૧૬ હેઠળ અરજી દાખલ કરવા માટેનો માર્ગ તેના માટે હંમેશા ખુલ્લો છે. આવા ઉપાય અને કાયદા હેઠળ ઉપલબ્ધ વધુ ઉપાયોને ધ્યાનમાં રાખીને, પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરવાથી, અમારો અભિપ્રાય છે કે અપીલકર્તાને કોઈ નુકસાન પહોંચતું નથી. પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરતા પહેલાં પક્ષકારને નોટિસ જારી કરવાની જરૂર છે કે નહીં, તે એક એવી બાબત છે જે દરેક કેસના તથ્યો અને સંજોગો પર આધાર રાખે છે. જો પક્ષકાર તરીકે જોડવા માટે મજબૂત કેસ બનાવવામાં આવે, તો મુખ્ય દાવાનો નિર્ણય

લેતા પહેલાં પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરવાનો અને તક આપવાનો માર્ગ કોર્ટો અને ટ્રિબ્યુનલો માટે હંમેશા ખુલ્લો છે. તે બાબતને ધ્યાનમાં રાખીને અને ઉપર મુજબ ઉલ્લેખિત વિષય પરના કેસ લોમાંથી પસાર થયા પછી, અમારો મત છે કે માત્ર એ કારણસર કે અપીલકર્તાને પક્ષકાર તરીકે જોડવાનો હુકમ પસાર કરતા પહેલાં નોટિસ જારી કરવામાં આવી ન હતી તેનાથી વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલના હુકમને કાયદા સાથે સુસંગત નથી તેવું કહી શકાય નહીં. વિદ્વાન સિંગલ જજે પણ ઉપરોક્ત કારણોસર વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલના હુકમને રદ કરવા માટે અપીલકર્તાની રજૂઆતને યોગ્ય રીતે નકારી કાઢી છે.

૧૪. અપીલકર્તા માટેના વિદ્વાન સિનિયર વકીલ શ્રી એસ.એન. સોપરકરની આગળની દલીલ એ છે કે અપીલકર્તા કન્સેશન એગ્રીમેન્ટમાં સહી કરનાર નથી, તેમ છતાં, આર્બિટ્રેશન એક્ટની કલમ ૨૧ હેઠળની જોગવાઈ મુજબ અપીલકર્તાને કોઈપણ નોટિસ જારી કર્યા વિના અને એક્ટની કલમ ૧૧ હેઠળ ઉપલબ્ધ ઉપાયોનો આશ્રય લીધા વિના, સીધા જ, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે આર્બિટ્રેશન કાર્યવાહીમાં અપીલકર્તાને સામાવાળા પક્ષકાર તરીકે જોડ્યો છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે કન્સેશન એગ્રીમેન્ટમાં સમાવિષ્ટ વિવિધ કલોઝને જોવામાં આવે, તો તે સ્પષ્ટ છે કે સદર એગ્રીમેન્ટ એવા પક્ષકારો વચ્ચેનો નિર્ણાયક એગ્રીમેન્ટ છે જેઓ તેમાં સહી કરનારા છે અને કન્સેશન એગ્રીમેન્ટમાં દાખલ થવા અગાઉના બિડ દસ્તાવેજોને જોઈ શકાય નહીં. આગળ એવું રજૂ કરવામાં આવ્યું છે કે આ સંદર્ભમાં કન્સેશન એગ્રીમેન્ટમાં સમાવિષ્ટ ચોક્કસ અને

સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં, અપીલકર્તાએ આવા કરાર પર સહી કરી ન હોવા છતાં, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલે અપીલકર્તાને સામાવાળા પક્ષકાર તરીકે જોડ્યા છે. પોતાના કેસને સાબિત કરવા માટે કે કરારનો પક્ષકાર ન હોય તેને આર્બિટ્રલ કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડી શકાય નહીં, વિદ્વાન સિનિયર વકીલે ડ્યુશ પોસ્ટ બેંક હોમ ફાઇનાન્સ લિમિટેડ વિરુદ્ધ તાડુરી શ્રીધર અને અન્યના (૨૦૧૧)૧૧ એસ.સી.સી. ૩૭૫ માં રિપોર્ટ થયેલા કેસમાં, ઈન્ડોવિન્ડ એનર્જી લિમિટેડ વિરુદ્ધ વેસ્કેર (ઈન્ડિયા) લિમિટેડ અને અન્યના (૨૦૧૦)૫ એસ.સી.સી. ૩૦૬ માં રિપોર્ટ થયેલા કેસમાં અને એસ.એન. પ્રસાદ, હાઈટિક ઈન્ડસ્ટ્રીઝ (બિહાર) લિમિટેડ વિરુદ્ધ મોનેટ ફાઈનાન્સ લિમિટેડ અને અન્યના (૨૦૧૧)૧ એસ.સી.સી. ૩૨૦ માં રિપોર્ટ થયેલા કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે. વધુમાં એવું રજૂ કરવામાં આવ્યું છે કે એસ્સાર ઓઇલ લિમિટેડ વિરુદ્ધ હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ અને અન્યના (૨૦૧૫)૧૦ એસ.સી.સી. ૬૪૨ માં રિપોર્ટ થયેલા કેસના તાજેતરના ચુકાદામાં પણ નામદાર સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું છે કે કરારના પક્ષકાર ન હોય તેને આર્બિટ્રલ કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડી શકાય નહીં. એવું રજૂ કરવામાં આવ્યું છે કે તેથી, ક્લોરો કંટ્રોલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ સેવર્ન ટ્રેન્ટ વોટર પ્યુરિફિકેશન ઈન્ક. અને અન્યના (૨૦૧૩)૧ એસ.સી.સી. ૬૪૧ માં રિપોર્ટ થયેલા કેસના ચુકાદાઓ અને પર્પલ મેડિકલ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ એમ.આઇ.વી. થેરાપ્યુટિક્સ ઈન્ક. અને અન્યના (૨૦૧૫)૧૫

એસ.સી.સી. ૬૨૨ માં રિપોર્ટ થયેલા કેસના ચુકાદાઓ આ કેસની હકીકતોને લાગુ પડતા ન હોવાથી, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ અને વિદ્વાન સિંગલ જજે ૧લા સામાવાળા – ડી.પી.ટી. ની રજૂઆત સ્વીકારવા માટે ઉપરોક્ત ચુકાદાઓ પર ખોટી રીતે આધાર રાખ્યો છે.

૧૫. બીજી તરફ, ૧લા સામાવાળા માટે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી મિહિર ઠાકોર અમને કન્સેશન એગ્રીમેન્ટના જ વિવિધ કલોઝ તરફ દોરી ગયા છે અને એવું રજૂ કરવામાં આવ્યું છે કે અપીલકર્તાએ, એક અરજદાર તરીકે, કન્સેશન એગ્રીમેન્ટની શરતો અને નિયમોને, ખાસ કરીને તારીખ ૨૮.૦૪.૨૦૧૧ નો પત્ર લખીને સ્વીકાર્યા છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે તારીખ ૨૮.૦૪.૨૦૧૧ ના પત્ર સાથે એગ્રીમેન્ટમાં રહેલા વિવિધ કલોઝને ધ્યાનમાં લેતાં, એવું કહી શકાય નહીં કે અપીલકર્તા એગ્રીમેન્ટનો ત્રાહિત પક્ષ છે, તેથી, તેને આર્બિટ્રલ કાર્યવાહીમાં પક્ષકાર તરીકે જોડી શકાય નહીં. વિદ્વાન સિનિયર વકીલે વધુમાં રજૂઆત કરી કે ક્લોરો કંટ્રોલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ સેવર્ન ટ્રેન્ટ વોટર પ્યુરિફિકેશન ઈન્ક. અને અન્યના (૨૦૧૩)૧ એસ.સી.સી. ૬૪૧ માં રિપોર્ટ થયેલા કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો, એ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલ અધિકૃત ચુકાદો છે જેમાં સ્પષ્ટપણે ઠરાવવામાં આવ્યું છે કે કરારમાં સહી કરનાર ન હોય તેની સામે પણ આર્બિટ્રેશન કાર્યવાહી ચલાવી શકાય છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે આજ સિદ્ધાંત પર્પલ મેડિકલ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ એમ.આઇ.વી. થેરાપ્યુટિક્સ ઈન્ક.

અને અન્યના (૨૦૧૫)૧૫ એસ.સી.સી. ૬૨૨ માં રિપોર્ટ થયેલા ચુકાદામાં અને ચેરન પ્રોપર્ટીઝ લિમિટેડ વિરુદ્ધ કસ્તુરી એન્ડ સન્સ લિમિટેડ અને અન્યના ૨૦૧૮ એસ.સી.સી. ઓનલાઇન એસ.સી. ૪૩૧ માં રિપોર્ટ થયેલા કેસમાં પણ પુનરાવર્તિત કરવામાં આવ્યો છે. આગળ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે અપીલકર્તા, જે આર.એફ.પી. ના નિયમો અને શરતો હેઠળ અને કન્સેશન એગ્રીમેન્ટમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ એક અરજદાર હતો, તેના માટે એ રજૂઆત કરવાનો કોઈ અવકાશ નથી કે તેને પક્ષકાર તરીકે જોડવામાં આવવું એ આર્બિટ્રેશન એક્ટની કલમ ૨૧ અને ૧૧ હેઠળની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે.

૧૬. વિદ્વાન વકીલોની સદર રજૂઆતો ધ્યાને લેવા માટે, આર.એફ.ક્યુ. અને આર.એફ.પી. ની સંબંધિત શરતો અને કન્સેશન એગ્રીમેન્ટના અમુક કલોઝ જોવા જરૂરી છે. સરળ સંદર્ભ માટે, અમે દસ્તાવેજોમાં ઉલ્લેખિત આવી જોગવાઈઓનો સંદર્ભ લઈએ છીએ જે નીચે મુજબ છે:

૧૬.૧ રિકવેસ્ટ ફોર ક્વોલિફિકેશન (આર.એફ.પી.) નો દસ્તાવેજ અપીલકર્તા દ્વારા ફાઈલ કરવામાં આવેલ પેપર-બુકના પાના ૬૩૦ પર મૂકવામાં આવ્યો છે. વ્યાખ્યાના કલોઝમાં, અરજદાર' ને "અરજદાર એટલે એવી કંપની કે જે આર.એફ.ક્યુ. માં જણાવેલ નિયમો અને શરતો મુજબ અરજી સબમિટ કરવાનો ઈરાદો ધરાવે છે અથવા અરજી સબમિટ કરી છે" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. "લાયક અરજદાર" ને "એવા અરજદાર/ કોન્સોર્ટિયમ કે જેને પસંદગીના માપદંડો અને આર.એફ.ક્યુ. માં જણાવેલ અન્ય નિયમો અને

શરતોના આધારે આર.એફ.પી. જારી કરવા માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. મૂલ્યાંકન માટેના માપદંડો અપીલકર્તાની પેપર–બુકના પાના ૬૫૬ થી ૬૫૮ માં દર્શાવવામાં આવ્યા છે.

૧૬.૨ રિકવેસ્ટ ફોર પ્રપોઝલમાં સમાવિષ્ટ સંબંધિત કલોઝ નીચે મુજબ છે:

> "૧.૧.૨. પસંદ કરેલ બિડરે કન્સેશન એગ્રીમેન્ટના અમલ પહેલાં સ્પેશિયલ પર્પઝ કંપની ("કન્સેશનેર") ની રચના કરવાની રહેશે. કન્સેશનેર અને કે.પી.ટી. વચ્ચે બિડિંગ દસ્તાવેજોના ભાગ રૂપે કે.પી.ટી. દ્વારા પૂરા પાડવામાં આવેલ ફોર્મમાં દાખલ થવા માટેના કન્સેશન એગ્રીમેન્ટ ("કન્સેશન એગ્રીમેન્ટ") ની જોગવાઈઓ હેઠળ અને તે અનુસાર પ્રોજેક્ટની ડિઝાઇન, એન્જિનિયરિંગ, ઇન્સ્ટોલેશન, ફાઇનાન્સિંગ, ખરીદી, બાંધકામ, કમિશનિંગ ઓપરેશન, જાળવણી અને સંચાલન માટે કન્સેશનેર જવાબદાર રહેશે.
>
> ૧.૧.૩ કામગીરીના વ્યાપમાં વ્યાપકપણે પ્રોજેક્ટની ડિઝાઇન, એન્જિનિયરિંગ, ઇન્સ્ટોલેશન, ફાઇનાન્સિંગ, ખરીદી, બાંધકામ, કમિશનિંગ ઓપરેશન, જાળવણી અને સંચાલન અને તેનું માર્કેટિંગ તથા સુવિધાઓ અને સેવાઓ પૂરી પાડવાનો સમાવેશ થશે.
>
> ........
>
> ૧.૧.૫ કન્સેશન એગ્રીમેન્ટમાં કન્સેશનેરને કન્સેશન આપવા માટેની વિગતવાર શરતો અને નિયમો દર્શાવવામાં આવ્યા છે, જેમાં કન્સેશનેરની સેવાઓ અને જવાબદારીઓના વ્યાપ ("કન્સેશન") નો સમાવેશ થાય છે.
>
> ......

૬.૧ બિડિંગ પ્રક્રિયા ભારતનાં કાયદાઓ દ્વારા સંચાલિત થશે અને તે મુજબ અર્થઘટન કરવામાં આવશે અને બિડિંગ પ્રક્રિયા હેઠળ, તે અન્વયે અને/અથવા તેના સંબંધમાં ઉદ્‌ભવતી તમામ તકરારો પર ગાંધીધામ ખાતેની કોર્ટનું વિશિષ્ટ અધિકારક્ષેત્ર રહેશે."

૧૬.૩ અપીલકર્તા દ્વારા ૧લા સામાવાળાને સબમિટ કરાયેલ તારીખ ૨૫.૦૯.૨૦૧૦ ના બિડ ડોક્યુમેન્ટમાં સંબંધિત કલોઝ ૧૯, ૨૧ અને ૨૨ છે અને તે નીચે મુજબ છે:

"૧૯. અમને પસંદ કરેલ બિડર તરીકે જાહેર કરવામાં આવવાના કિસ્સામાં, અમે કન્સેશનેર મારફતે, બિડની નિયત તારીખ પહેલાં અમને પૂરા પાડવામાં આવેલ ડ્રાફ્ટ મુજબ કન્સેશન એગ્રીમેન્ટ કરવા સંમત થઈએ છીએ. અમે ઉપરોક્ત ડ્રાફ્ટમાં કોઈ ફેરફાર નહીં માંગવા માટે સંમત છીએ અને તેનાથી બંધાયેલ રહેવા સંમત છીએ.

........

૨૧. આર.એફ.પી., ડ્રાફ્ટ કન્સેશન એગ્રીમેન્ટમાં જણાવેલ તમામ શરતો અને નિયમો, ખર્ચ અને વેસલ ટ્રાફિકના અમારા પોતાના અંદાજોને ધ્યાનમાં લીધા પછી અને સાઇટ તથા બિડને અસર કરી શકે તેવી તમામ શરતોનું કાળજીપૂર્વક આકારણી કર્યા પછી અમારા દ્વારા રોયલ્ટી દર્શાવવામાં આવી છે.

૨૨. અમે આર.એફ.પી. ડોક્યુમેન્ટ મુજબ કે.પી.ટી.ને રૂ. ૧.૮૨ કરોડ (માત્ર રૂપિયા એક કરોડ બ્યાસી લાખ) ની બિડ સિક્યુરિટી ઓફર કરીએ છીએ."

૧૬.૪ તારીખ ૧૮.૦૨.૨૦૧૧ ના કન્સેશન એગ્રીમેન્ટના સંબંધિત ભાગો નીચે મુજબ છે:

"(જી) અરજદારે પ્રોજેક્ટના અમલીકરણ માટે કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળ ભારતમાં કન્સેશનેરને સ્પેશિયલ પર્પઝ કંપની તરીકે સ્થાપિત કરી છે;"

......

"'અરજદાર' એટલે મેસર્સ આઇ.એમ.સી. લિમિટેડ જેની રજિસ્ટર્ડ ઓફિસ ૨૩૨/એ, આચાર્ય જગદીશચંદ્ર બોઝ રોડ, કોલકાતા ૭૦૦૦૨૦, ભારત ખાતે આવેલ છે"

.......

"મેનેજમેન્ટ કંટ્રોલ" એટલે વોટિંગ સિક્યોરિટીઝની માલિકી દ્વારા, કરાર દ્વારા અથવા અન્યથા અથવા કન્સેશનેરના સંદર્ભમાં સમાન સત્તાનો ઉપયોગ કરતા ૫૦% (પચાસ ટકા) કરતા વધુ ડિરેક્ટર્સ, મેનેજર્સ, ભાગીદારો અથવા અન્ય વ્યક્તિઓને ચૂંટવાની કે નિમણૂક કરવાની સત્તા દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કન્સેશનેરના મેનેજમેન્ટ અને નીતિઓને નિર્દેશિત કરવાની અથવા નિર્દેશિત કરાવવાની સત્તા ધરાવવી."

.........

"'પક્ષકાર' એટલે સંદર્ભની જરૂરિયાત મુજબ કે સ્વીકાર મુજબ કાં તો કન્સેશનિંગ ઓથોરિટી અથવા કન્સેશનેર અને "પક્ષકારો" એટલે કન્સેશનિંગ ઓથોરિટી અને કન્સેશનેર બંને."

"૧.૩ અર્થઘટનો

આ કરાર પ્રોજેક્ટના સંદર્ભમાં પક્ષકારો વચ્ચેની સંપૂર્ણ સમજૂતી રચે છે અને પ્રોજેક્ટના સંદર્ભમાં તમામ અગાઉની લેખિત અને/અથવા મૌખિક રજૂઆતો અને/અથવા વ્યવસ્થાઓનું સ્થાન લે છે. જો પ્રોજેક્ટનું કોઈ પાસું આ કરારની કોઈપણ જોગવાઈઓ

હેઠળ આવરી લેવામાં ન આવ્યું હોય, તો અને માત્ર તે જ સંજોગોમાં, પક્ષકારો દ્વારા કન્સેશનિંગ ઓથોરિટી તરફથી જારી કરાયેલ આર.એફ.પી. અને આર.એફ.ક્યુ. દસ્તાવેજો સહિત અન્ય બાબતોની સાથે બિડ દસ્તાવેજોનો સંદર્ભ લઈ શકાશે અને તેમાં એડેન્ડમ્સ, કન્સેશનેરની રજૂઆતો માટે પ્રી–બિડ મીટિંગમાં લેખિતમાં આપવામાં આવેલી સ્પષ્ટતાઓ અને કન્સેશનેર દ્વારા સબમિટ કરાયેલ બિડનો પણ સમાવેશ થાય છે પરંતુ અન્યથા નહીં. આ કરારની શરતો અને ઉપર જણાવ્યા મુજબના અન્ય કોઈપણ બિડ દસ્તાવેજો વચ્ચે કોઈપણ વિરોધાભાસના કિસ્સામાં, આ કરારની શરતો માન્ય રહેશે."

"૩.૧ પૂર્વ શરતો:

કન્સેશન આપવાનું નીચેની પૂર્વ શરતો ("પૂર્વ શરતો") ની સંતોષ અથવા માફીને આધીન રહેશે:

(એ) કન્સેશનેર દ્વારા નીચેની પૂર્વ શરતો સંતોષવામાં આવશે:

૮. અરજદાર પાસેથી મૂળ સ્વરૂપમાં નીચે મુજબની પુષ્ટિઓ મેળવવી અને પૂરી પાડવી:

(એ) તે હંમેશા કન્સેશનેરમાં તેના શેરહોલ્ડિંગના સંદર્ભમાં આર્ટિકલ ૧૧.૨ ની જોગવાઈઓનું પાલન કરશે;

(બી) તેની પાસે આ કરાર અનુસાર પ્રોજેક્ટ હાથ ધરવા અને તેના અમલીકરણ માટે ભંડોળ આપવા/ ફાઇનાન્સ ઉભું કરવા માટેની નાણાકીય સ્થિતિ અને સંસાધનો છે;

(સી) અરજદાર તેના ઈનકોર્પોરેશનના અધિકારક્ષેત્રના કાયદાઓ હેઠળ યોગ્ય રીતે સંગઠિત અને માન્ય રીતે અસ્તિત્વમાં છે, અને તેણે કન્સેશનિંગ ઓથોરિટીને કન્સેશનેર સાથે આ કરાર કરવા

વિનંતી કરી છે અને આ કરારમાં દર્શાવવામાં આવેલ શરતો અને નિયમો માટે સંમત છે અને તેને બિનશરતી સ્વીકાર્યા છે;"

શેરહોલ્ડિંગ:

"૧૧.૧ ઓનરશિપ સ્ટ્રક્ચર:

અરજદારે આ કરાર અનુસાર પ્રોજેક્ટ/ પ્રોજેક્ટ ફેસિલિટીઝ અને સર્વિસીસનો અમલ કરવા, સંચાલન કરવા અને જાળવણી કરવા માટે કન્સેશનેરને સ્પેશિયલ પર્પઝ કંપની તરીકે સ્થાપિત કર્યા છે. કન્સેશનેરની શેરહોલ્ડિંગ પેટર્ન નીચે મુજબ છે:

| ક્રમ | શેરધારકનું નામ | શેર્સની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | આઇ.એમ.સી. લિમિટેડ | ૧૦,૦૦૦.૦૦ | ૧૦૦% |
| | કન્સેશનેરનું કુલ શેરહોલ્ડિંગ | | ૧૦૦.૦૦% |

- ૨૭ ડિસેમ્બર, ૨૦૧૦ ના રોજની શેરહોલ્ડિંગ પેટર્ન

૧૧.૨ શેરહોલ્ડિંગ

કન્સેશનેર એ સુનિશ્ચિત કરશે કે અરજદાર ઓછામાં ઓછું એક્સકલુઝિવિટી પિરિયડ પૂરો થવા સુધી મેનેજમેન્ટ કંટ્રોલ જાળવી રાખે અને કન્સેશનેરમાં તેની ઇક્વિટી હોલ્ડિંગ પણ એવી રીતે જાળવી રાખે કે જેથી અરજદાર કાયદેસર અને લાભદાયી રીતે તારીખ ઓફ કોમર્શિયલ ઓપરેશન્સથી ૩ (ત્રણ) વર્ષ સુધી તેની પેઇડ અપ ઇક્વિટી કેપિટલના ૫૧% (એકાવન ટકા) થી ઓછી નહીં અને બાકીના કન્સેશન પિરિયડ દરમિયાન તેની પેઇડ અપ ઇક્વિટી કેપિટલના ૨૬% (છવ્વીસ ટકા) થી ઓછી નહીં તેટલી હોલ્ડિંગ જાળવી રાખે."

તકરાર નિવારણ

"૧૯.૧ સૌહાર્દપૂર્ણ સમાધાન

કન્સેશનિંગ ઓથોરિટી અને કન્સેશનેર વચ્ચે કોઈ નિયમો અને શરતોના બાંધકામ, અર્થઘટન અથવા અમલીકરણના સંબંધમાં અથવા આ કરાર સાથે કોઈપણ રીતે જોડાયેલી અથવા આ કરારના સંબંધમાં અથવા તેમાંથી ઉદ્ભવતી કોઈપણ બાબત અથવા વસ્તુના સંબંધમાં, અથવા આ કરાર હેઠળ કોઈપણ પક્ષકારના અધિકારો, ફરજો અથવા જવાબદારીઓના સંબંધમાં, આ કરારના અંત પહેલાં અથવા પછી, કોઈપણ પ્રકારની તકરાર અથવા મતભેદ અથવા દાવાઓ ઉભા થાય, તો પક્ષકારો કોઈપણ પક્ષકારની વિનંતી પર, તેમની વચ્ચે ચર્ચા દ્વારા આવી તકરાર, મતભેદ અથવા દાવાને ઉકેલવાના પ્રયાસરૂપે સત્વરે એકબીજાને મળશે."

"૧૯.૩ આર્બિટ્રેશન

એ) આર્બિટ્રેટર્સ

સૌહાર્દપૂર્ણ સમાધાન અને/અથવા પક્ષકારો દ્વારા પરસ્પર સંમતિથી નિયુક્ત નિષ્ણાતની સહાયથી સમાધાન નિષ્ફળ જવાના કિસ્સામાં, તકરાર અથવા મતભેદો અથવા દાવાઓ જે પણ કિસ્સો હોય, તેનો અંતિમ નિકાલ આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિએશન એક્ટ, ૧૯૯૬ હેઠળ બંધનકર્તા આર્બિટ્રેશન દ્વારા કરવામાં આવશે. જ્યાં સુધી પક્ષકારો અન્યથા પરસ્પર સંમત ન થાય ત્યાં સુધી, નીચે જણાવ્યા મુજબ આર્બિટ્રેશનનો આશ્રય લીધાના ૩૦ (ત્રીસ) દિવસમાં, ઇન્ટરનેશનલ સેન્ટર ફોર ઓલ્ટરનેટિવ ડિસ્પ્યુટ રિઝોલ્યુશન, નવી દિલ્હી દ્વારા નિર્ધારિત આર્બિટ્રેશનના નિયમો આર્બિટ્રેશનને લાગુ પડશે. આર્બિટ્રેશન ત્રણ આર્બિટ્રેટર્સની પેનલ

દ્વારા કરવામાં આવશે, જેમાં પ્રત્યેક પક્ષકાર દ્વારા એકની નિમણૂક કરવામાં આવશે અને ત્રીજાની નિમણૂક, જે પ્રિસાઇડિંગ આર્બિટ્રેટર તરીકે કાર્ય કરશે, પક્ષકારો દ્વારા નિયુક્ત કરાયેલ બે આર્બિટ્રેટર્સ દ્વારા કરવામાં આવશે. એક પક્ષકાર દ્વારા બીજાને આર્બિટ્રેશનનો આશ્રય લેવાની અને આર્બિટ્રેટરની નિમણૂક કરવાની લેખિત નોટિસ આપીને આર્બિટ્રેશનનો આશ્રય લઈ શકાશે. નોટિસ મળ્યા પર, બીજો પક્ષકાર બીજા આર્બિટ્રેટરની નિમણૂક કરશે. આ રીતે નિયુક્ત કરાયેલા બે આર્બિટ્રેટર્સ ત્રીજા આર્બિટ્રેટરની નિમણૂક કરશે જે "પ્રિસાઇડિંગ આર્બિટ્રેટર" તરીકે કાર્ય કરશે. જો બીજો પક્ષકાર આવું કરવાની વિનંતી પ્રાપ્ત કર્યાના ૩૦ (ત્રીસ) દિવસમાં બીજા આર્બિટ્રેટરની નિમણૂક કરવામાં નિષ્ફળ જાય, તો પ્રથમ પક્ષકાર દ્વારા નિયુક્ત કરાયેલ આર્બિટ્રેટર તકરારનો "સોલ આર્બિટ્રેટર" તરીકે ન્યાયનિર્ણય કરશે.

"૨૧.૧૧ સંપૂર્ણ કરાર:

આ કરાર અને પરિશિષ્ટો મળીને પક્ષકારો વચ્ચેના કરારની શરતોનું સંપૂર્ણ અને વિશિષ્ટ સ્ટેટમેન્ટ રચે છે. આ કરાર સંબંધિત તમામ અગાઉની લેખિત અથવા મૌખિક સમજૂતી, ઓફરો અથવા અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહારો, જ્યાં સુધી આ કરાર અને પરિશિષ્ટોમાં સંદર્ભ દ્વારા અથવા અન્યથા સ્પષ્ટપણે જાળવવામાં ન આવે ત્યાં સુધી, રદબાતલ અને પાછા ખેંચવામાં આવેલ ગણવામાં આવશે."

(ભારપૂર્વક જણાવેલ છે)

૧૭. ઉપર ઉલ્લેખિત એગ્રીમેન્ટ્સમાં સંબંધિત કલોઝ વાંચીને, એ નોંધવું જોઈએ કે અપીલકર્તાએ, એક અરજદાર તરીકે, આર.એફ.ક્યુ. નો પ્રતિસાદ આપ્યો અને

તે લાયક જણાતાં, તેને આર.એફ.પી. પૂરી પાડવામાં આવી હતી અને તેના પ્રતિભાવમાં, અપીલકર્તા દ્વારા બિડ દસ્તાવેજો સબમિટ કરવામાં આવ્યા હતા. આર.એફ.પી. ના વિવિધ કલોઝ સ્પષ્ટ કરે છે કે અપીલકર્તાએ, એક અરજદાર તરીકે, પ્રોજેક્ટના અમલીકરણ માટે કન્સેશનેર, એટલે કે ૨જા સામાવાળાને સ્પેશિયલ પર્પઝ વ્હીકલ તરીકે સ્થાપિત કર્યા છે અને અરજદાર' ને કન્સેશન એગ્રીમેન્ટમાં પણ વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે, એટલે કે, "મેસર્સ આઈ.એમ.સી. લિમિટેડ", એટલે કે અત્રેના અપીલકર્તા. એ સાચું છે કે કન્સેશન એગ્રીમેન્ટના કલોઝ ૧.૩ હેઠળ, એવું જણાવવામાં આવ્યું છે કે સદર કરાર પ્રોજેક્ટના સંદર્ભમાં પક્ષકારો વચ્ચેની સંપૂર્ણ સમજૂતી રચે છે અને પ્રોજેક્ટના સંદર્ભમાં તમામ અગાઉની લેખિત અથવા મૌખિક રજૂઆતો અને વ્યવસ્થાઓનું સ્થાન લે છે, પરંતુ તે જ સમયે, કલોઝ ૩.૧ સ્પષ્ટપણે નિર્ધારિત કરે છે કે કન્સેશનેરના શેરહોલ્ડિંગના સંદર્ભમાં કલોઝ ૧૧.૨ હેઠળની જોગવાઈઓનું પાલન કરવાની અને પ્રોજેક્ટના અમલીકરણ માટે ભંડોળ આપવા/ ફાઈનાન્સ ઉભું કરવાની જવાબદારી અત્રેના અરજદાર/ અપીલકર્તાની છે અને અરજદારે કન્સેશન એગ્રીમેન્ટમાં દર્શાવેલ શરતો અને નિયમોનો બિનશરતી સ્વીકાર કર્યો છે. કલોઝ ૧૧.૨ હેઠળ શેરહોલ્ડિંગ પેટર્ન મુજબ, અરજદારે એક્સકલુઝિવિટી પિરિયડ પૂરો થવા સુધી ૨જા સામાવાળા કન્સેશનેર પર મેનેજમેન્ટ કંટ્રોલ જાળવી રાખવાનો રહેશે અને કન્સેશનેરમાં ઈક્વિટી હોલ્ડિંગ પણ જાળવી રાખવાની રહેશે જેમાં તારીખ ઓફ કોમર્શિયલ ઓપરેશન્સથી ત્રણ વર્ષ સુધી

પેઇડ–અપ ઇક્વિટી કેપિટલના ૫૧% થી ઓછી નહીં અને બાકીના કન્સેશન પિરિયડ દરમિયાન તેની પેઇડ–અપ ઇક્વિટી કેપિટલના ૨૬% થી ઓછી નહીં તેટલી હોલ્ડિંગ જાળવી રાખવાની રહેશે. વધુમાં, કન્સેશન એગ્રીમેન્ટના કલોઝ ૧૧.૧ હેઠળ, જે ૨જા સામાવાળા કન્સેશનેરના ઓનરશિપ સ્ટ્રક્ચર સાથે સંબંધિત છે, અપીલકર્તા– આઇ.એમ.સી. ૨જી સામાવાળા કંપનીના ૧૦૦% શેર્સ ધરાવે છે, તેથી, તે ૨જા સામાવાળા સ્પેશિયલ પર્પઝ વ્હીકલની હોલ્ડિંગ કંપની છે. આમ, કન્સેશન એગ્રીમેન્ટની શરતો પરથી જ એ સ્પષ્ટ છે કે, અપીલકર્તા અરજદાર પર ૨જા સામાવાળા કન્સેશનેર દ્વારા જવાબદારીઓ ઊભી કરવામાં આવે છે જેનું સંપૂર્ણ મેનેજમેન્ટ અને નિયંત્રણ અપીલકર્તાનું છે. તે ઉપરાંત, અપીલકર્તા કંપનીએ પ્રથમ સામાવાળા ડી.પી.ટી. અને ૨જા સામાવાળા – સ્પેશિયલ પર્પઝ વ્હીકલ વચ્ચે કરવામાં આવેલા કન્સેશન એગ્રીમેન્ટની શરતો અને નિયમોને સ્વીકારતો તારીખ ૨૮.૦૪.૨૦૧૧ નો એક પત્ર પણ લખ્યો છે. તારીખ ૨૮.૦૪.૨૦૧૧ નો પત્ર નીચે મુજબ વંચાણે છે:

[આઇ.એમ.સી. લિમિટેડના લેટર હેડ પર]

"૨૮ એપ્રિલ, ૨૦૧૧

ધ ચેરમેન,

કંડલા પોર્ટ ટ્રસ્ટ,

પી.બી. નં. ૫૦, વહીવટી કચેરી,

ગાંધીધામ, કચ્છ–૩૭૦૨૦૧,

ફેક્સ: ૦૨૮૩૬–૨૩૫૭૮૨

વિષય: કંડલા પોર્ટ ખાતે મલ્ટિ–પર્પઝ કાર્ગો બર્થ નં. ૧૫ ના વિકાસ માટે કંડલા પોર્ટ ટ્રસ્ટ (કન્સેશનિંગ ઓથોરિટી) અને જે.આર.ઈ. ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ (કન્સેશનેર) વચ્ચેના કન્સેશન એગ્રીમેન્ટની શરતો હેઠળ જરૂરી પુષ્ટિ બાબત

કંડલા પોર્ટ ટ્રસ્ટ અને જે.આર.ઈ. ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચેના કન્સેશન એગ્રીમેન્ટના આર્ટિકલ ૩.૧(એ)(૮) ની જરૂરિયાતો અનુસાર, આઇ.એમ.સી. લિમિટેડ નીચે મુજબની પુષ્ટિ કરે છે:

(એ) આઇ.એમ.સી. લિમિટેડ હંમેશા કન્સેશનેરમાં તેમના શેરહોલ્ડિંગના સંદર્ભમાં આર્ટિકલ ૧૧.૨ ની જોગવાઈઓનું પાલન કરશે;

(બી) કન્સેશન એગ્રીમેન્ટ અનુસાર પ્રોજેક્ટ હાથ ધરવા અને અમલ કરવા માટે ભંડોળ આપવા / ફાઇનાન્સ ઉભું કરવા માટે આઇ.એમ.સી. લિમિટેડ પાસે નાણાકીય સ્થિતિ અને સંસાધનો છે.

(સી) આઇ.એમ.સી. લિમિટેડ તેના ઇનકોર્પોરેશનના અધિકારક્ષેત્રના કાયદાઓ હેઠળ યોગ્ય રીતે સંગઠિત અને માન્ય રીતે અસ્તિત્વમાં છે, અને તેણે કન્સેશનિંગ ઓથોરિટીને કન્સેશનેર સાથે કન્સેશન એગ્રીમેન્ટ કરવા વિનંતી કરી છે અને કન્સેશન એગ્રીમેન્ટમાં દર્શાવવામાં આવેલ શરતો અને નિયમો માટે સંમત છે અને તેને બિનશરતી સ્વીકાર્યા છે.

આપનો વિશ્વાસુ,

આઇ.એમ.સી. લિમિટેડ વતી

સહી/–

કે. કન્નન

જી.એમ. (ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ) એન્ડ કંપની સેક્રેટરી"

